સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

દિલ્હીની આંખે સત્તાનો મોતીયો, છવાયું ધૂમ્મસ!
ખોટા સલાહકારોનાં વાદળે, છવાયું ધૂમ્મસ!
ઢંકાયો સૂરજ સમસ્યાઓથી, છવાયું ધૂમ્મસ!
અર્થતંત્રનું ભાવિ છે ધૂંધળું, છવાયું ધૂમ્મસ!

હાઈકુ

દેખે ન સત્ય,
કોહરા ને પરદે -
આંધળી દોટ!!
(ઉતાવળા નિર્ણયો)

અકસ્માતોની,
સર્જે છે વણજાર -
ગહેરી ધૂંધ!
(પહેલું બટન જ ખોટું)

ચિંતન

અચલત્વં ચાપેક્ષ્ય ।

ઉપરોક્ત સૂત્ર બ્રહ્મસૂત્રમાંથી લેવામાં આવેલ છે.

શરીરની અચલતામાં આવશ્યક કહી બતાવીને ધ્યાન કરવાનો ઉપદેશ આપવામાં આવેલ છે.

ધ્યાન જેવી સાધનામાં અને ઉપાસનામાં મનની સ્થઇરતા, એકાગ્રતા અને અચલતાની આવશ્યકતા છે, તેમ શરીરની સ્થિરતા અથવા અચલતા પણ અગત્યની માનવામાં આવેલી છે. મનનો પ્રભાવ તન પર અને તનનો પ્રભાવ મન પર પડે જ છે. એટલે શ્રુતિએ શરીરની સ્થિરતાનો પણ સંદેશ આપ્યો છે એના પરથી સહેજે સિદ્ધ થાય છે કે ધ્યાન અથવા ઉપાસના એક ઠેકાણે બેસીને જ સ્વસ્થતા તથા શાંતિપૂર્વક કરવી જોઈએ.

શ્વેતાશ્વર ઉપનિષદમાં જણાવાયું છે કે 'ધ્યાનનો અભ્યાસ કરવા વાળા સાધકે, મસ્તક, ગરદન તથા છાતીને સીધી રાખી, શરીરને સ્થિર કરી, ઈન્દ્રિયોનો મન દ્વારા સંયમ સાધી, મનને હૃદયમાં રોકી રાખી, ઓમકારરૂપી નૌકાની મદદથી પ્રકૃતિના બધા જ ભયંકર પ્રવાહોની પાર પહોંચી જવું.'

સુવિચાર

- ખુશામત ઘમંડીના ઘમંડના પૈડામાં તેલ પૂરે છે - **સંત રોબિન**
- ગુરુ-મુખે જ્ઞાન મનાય, જો ગુરુ વચન સાંભળશો તો આત્માની દાબડીમાં પુરાયેલા રત્નો હાથ લાગશે - **ગુરુ નાનક**
- મિત્રોના ઘા સારા, પણ દુશ્મનનાં ચુંબન ખોટાં! - **બાઈબલ**
- દુશ્મનને ખતમ કરવા ગમે તે બાજુ ફેરવી શકાય એવી તલવાર તે જાતિવાદ - **રૂથ બેનેડિક્ટ**
- જુલ્મગારની સામે બળવો કરવો એ ઈશ્વરની આજ્ઞાનું પાલન છે - **બર્ક**
- પાપની પાસે ઘણાં શસ્ત્રો છે, પણ એ બધાં શસ્ત્રોનો હાથ જૂઠ છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : હોઠ ફાટીજાય તો આહારમાં ફળોનું પ્રમાણ વધારવું.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

હિન્દી સાહિત્યના કવિ સૂર્યકાન્ત ત્રિપાઠી 'નિરાલા' દયાળુ સ્વભાવના અને પરગજુ વ્યક્તિ હતા. એક વખત તેઓ અલાહાબાદ પ્રકાશકને ત્યાં રોયલ્ટીનો હિસાબ કરવા ગયા. પ્રકાશકે તેમને રોયલ્ટીના ચારસો રૂપિયા આપ્યા.

રસ્તામાં ચાલતા જતા હતા ત્યાં એક ડોશી ભિખારણ ભીખ માંગતી મળી. તેણે નિરાલાને હાથ લાંબો કરી કહ્યું, 'બેટા, આ ભૂખી ભિખારણને કંઈક આપ.'

નિરાલાજી ઊભા રહ્યા, એમણે ડોશીને પૂછ્યું, 'કહે તને કેટલા રૂપિયા મળે તો તું ભીખ માંગવાનું બંધ કરી દે ?' ભિખારણને લાગ્યું કે આ માણસ મજાક કરે છે. એટલે તેણે કહ્યું, 'દિકરા !! શા માટે મજાક કરે છે ?'

નિરાલાજીએ કહ્યું, 'તે મને દીકરો કહ્યો છે અને કવિ નિરાલાની મા ભીખ કદાપી ન જ માંગે' આમ બોલીને દયાળું કવિરાજે પૂરા ચારસો રૂપિયા ડોશી ભિખારણને આપી ચાલતા થયા. ભિખારણ પણ સ્તબ્ધ બની ગઈ.

પક્ષીઓનાં ભલામાં આપણુંય ભલું

તંત્રીસ્થાનેથી...

આજે પક્ષી દિવસ.

પક્ષીઓ એ આપણી જીવ સૃષ્ટિનો એક અગત્યનો ભાગ છે કે આપણી ઈકો સિસ્ટમ માટેનું જરૂરી અંગ છે એ બાબત આપણે સૌ જાણીએ છીએ અને આપણને સૌને પક્ષીઓ ગમે પણ છે. કોઈને મોર ગમતો હોય તો કોઈને પોપટ તો વળી કોઈને ચકલી કે કોયલ, પણ માણસોને પક્ષીઓ ગમે છે એ તો હકીકત છે. પરંતુ, તેમ છતાં એ પણ હકીકત છે કે માનવીએ પોતાની પ્રગતિ માટેની કે સુવિધાઓ માટેની દોડમાં પક્ષીઓની સંખ્યા અને તેમનો સંગાથ ગુમાવ્યો છે.

વાહનોને કારણે થતું પ્રદૂષણ, ઘોંઘાટ અને ઈલેક્ટ્રોનિક્સ વેવ્ઝને કારણે પક્ષીઓની સંખ્યામાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને અમુક પક્ષીઓ તો સાવ નામશેષ થઈ ચૂક્યાં છે. આ વાતને સમજાવવા માટે આપણે ત્યાં ચકલીનું ઉદાહરણ આપવામાં આવે છે. નવી પેઢીએ તો ચકલી જાણે જોઈ જ નથી એવી હાલત છે. અલબત્ત, ચકલીઓ મરી પરવારી નથી, પરંતુ શહેરોથી દૂર સ્થાનાંતર કરી ગઈ છે એવું એક સંશોધન હમણાં આવ્યું છે, પરંતુ ચકલીઓ શહેરથી દૂર થઈ છે એ તો હકીકત છે અને એનું કારણ માત્ર ને માત્ર આપણી સ્વાર્થી જીવન પધ્ધતિ જ છે.

પક્ષીઓનો મહિમા પુરાણોએ અને શાસ્ત્રોએ પણ વર્ણવ્યો છે. ક્યારેય એવો વિચાર આવ્યો છે ખરો કે વિવિધ દેવતાઓનાં વાહન હંમેશાં પશુ કે પક્ષીઓ જ કેમ હોય છે ? જવાબ છે, પશુ કે પક્ષીઓને તેમના વ્યવહારને અનુરૂપ દેવી કે દેવતા સાથે જોડવામાં આવ્યાં છે. આમ કરવા પાછળનો એક ઉદ્દેશ્ય પશુ-પક્ષીઓની હત્યા રોકવાનો પણ છે. લોકો જો પશુ કે પક્ષીને ભગવાનનાં પ્રતિનિધિ માને તો તેમની હિંસા કરતા અટકે ને આમ પશુ-પક્ષીઓનું સંરક્ષણ થાય એવો ઉમદા હેતુ આ બાબત પાછળ સંતાયેલો છે. અલબત્ત, દરેક પશુ કે પક્ષીની વિશેષતાને પણ આ સાથે જોડવામાં આવી છે એ પણ હકીકત છે. જેમ કે ગણેશજીનું વાહન મૂષક. આ શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ 'મૂષ' પરથી આવ્યો છે, જેન અર્થ થાય છે લૂંટવું કે ચોરી કરવી. ગણેશજી મૂષક પર સવારી કરે છે એનો અર્થ એ થાય છે કે તેમણે ચોરી કે લૂંટ જેવી વૃત્તિઓ પર વિજય પ્રાપ્ત કર્યો છે. માનવીના મનમાં પણ આવી વૃત્તિઓ જન્મ લેતી હોય છે ને જીવતી હોય છે, માનવીએ આવી વૃત્તિઓ પર ગણેશજીની જેમ વિજય પ્રાપ્ત કરવો જોઈએ, એમ મૂષકના માધ્યમથી શાસ્ત્રોએ સૂચન કર્યું છે.

પક્ષીઓએ જાતે પણ પોતાની ઉપયોગિતાને સિદ્ધ કરી છે. કૂકડો વર્ષોથી આપણો કુદરતી ઍલાર્મ ગણાય છે તો કાગડો, સમડી જેવાં પક્ષીઓ આપણા કુદરતી સફાઈ કામદાર. કબૂતર એ શાંતિનું પ્રતીક છે તો કોયલ અવાજની મીઠાશનું પ્રતીક, સારસ એ પ્રેમનું પ્રતીક છે તો મોર એ સુંદરતાની નિશાનની. પક્ષીઓ વિનાની દુનિયા કેવી હોય ? એની કલ્પના કરીએ ત્યારે પક્ષીઓનું ખરું મૂલ્ય ને એમની ઉપયોગિતા સમજાશે. એ કલ્પના હકીકત બને એ પહેલાં પક્ષીઓનું જતન કરીએ અને નવી પેઢીને પણ આમ કરવા માટે તૈયાર કરીએ એ જ આ પક્ષીદિવસની ઉજવણીની સાર્થકતા.

રાષ્ટ્રીય પક્ષી દિવસે પક્ષીઓનું વિહંગાલોકન

પ્રસંગસર
પી.એમ. પરમાર

પક્ષીઓ પ્રકૃતિની પાઠશાળા છે. દરેક પક્ષી એક પુસ્તક છે. શ્રી દત્તાત્રેય ભગવાને તો ટીંટોડી અને હોલાને પોતાના ગુરુ માન્યા છે. મોર તો આપણું રાષ્ટ્રીય પક્ષી છે. મોરની કળા નિહાળવી એ એક લ્હાવો છે. મોરની કળા જોઈ માણસ આખેઆખો રીચાર્જ થઈ જાય છે. મારું મન મોર બની થનગાટ કરે... સાર્થક છે. મોરપીંઠના રંગો જોયા પછી ભગવાન છે એની પાકી ખાતરી થઈ જાય છે. મોરપીંછ વગરના બાળકૃષ્ણની કલ્પના તો કરી જુઓ! મારે ટોડલે બેઠો રે બોર કયાં બોલે ?

તમામ પક્ષીઓમાં વહેલી સવારે સૌથી પહેલું બોલનાર પક્ષી કોયલ છે. કોયલનો ટહુકો એટલે વસંતની આલબેલ. એ આમ્ર મંજરીમાં ય યહુકે અને બાવળના ઢૂંઢા ઉપર ય ટહુકે. કોયલનો ટહુકો ગાયત્રી મંત્રથી સહેજે ય ઉતરતો નથી... સાંભળતાં આવડે તો. સુગરીનો માળો જુઓ તો વિશ્વકર્મા યાદ આવી જાય. નર માળો ગૂંથે પછી જે માદા માળો પસંદ કરે તે નવવધૂ.સ્વયંવર જ જોઈલો. ચંદ્ર અને મંગળ સુધી પહોંચ્યા પછી ય હજુ વૈજ્ઞાનિકો માથું ખંજવાળે છે કે સુગરીને આવો માળો બાંધતાં શીખવડાયું કોણે ?

ચતુર ચંચળ કાગડાનોય પરિચય આપવાનો ન હોય. બત્રીસ લક્ષણા પુરુષનાં પાંચ લક્ષણો અવિશ્વાસ, ચતુરતા, ગુપ્ત મૈથુન, જ્ઞાતિ સંમેલન અને ચંચળતા - કાગડાના ગુણો લેવામાં આવ્યા છે. આટલો ચતુર હોવા છતાં ય કોયલ ઈંડા મૂકી જાય છે ને કાગડો બચ્ચાં ઉછેરી આપે છે. શેરને માથે સવા શેર તે આખું નામ! કાગડા વગર તો શ્રાદ્ધ પણ અધૂરું.

બે ચાર વખત ચણ નાખો એટલે શાંતિનું દૂત કબૂતર તમારું દોસ્ત બની જાય. આ કબૂતર ક્યારેય ઝાડ ઉપર માળો બાંધતુ નથી. એ ક્યારેય એકલું રહેતું નથી. પેલો હોલો પ્રભુ તું... પ્રભુ તું.. ની માળા કાયમ જપતો જ હોય... પક્ષીજગતનું સૌથી ભોળું, બિન ઉપદ્રવી, શાંત પક્ષી હોલો મનાય છે. પેલી ચકલી તો ઘરમાં પરિવારનું સભ્ય હોય એમ વર્તે... એ ધારે ત્યાં માળો બાંધીને જ જંપે.

કૂકડે કૂક કરતો કૂકડો સૌનું જીવતું જાગતું એલારામ છે. એની કુટુંબભાવના શીખવી પડે. દુઃખ સાથે કહેવું પડે કે કાળા માથાનો આ માનવી ચીકન - માટે ગળે છરી મૂકતાં સહેજેય ખચકાતો નથી. અરેરે !

એક પંખીના ગળે ચીરો પડે;
લોહીની સાથે પછી ટહુકો પડે !

હેમિંગ બર્ડ - વિશ્વનું સૌથી નાનું પક્ષી - ભમરાના કદ જેટલું છે. ફિનિક્સ પક્ષી રાખમાંથી ફરી પુનર્જીવિત થાય છે. કેવી કિવદંતી - લોકવાયકા છે. પેંગ્વિન પક્ષીને પીછાં જ નથી હોતાં. ઈમુ પક્ષીની ગણના સૌથી મોટા પક્ષી તરીકે થાય છે જે કયારેય ઊડતું જ નથી, જેનું વજન જ દોઢસો થી બસો કિલો હોય છે. ઈમુ સાઈઠ કિલો વજન ધરાવતા માણસને પીઠ ઉપર બેસાડી સાઈઠ કિલોમીટરની ઝડપે દોડી શકે છે, છે ને કમાલ!

શાહમૃગ પક્ષીનાં ઈંડાં કદમાં સૌથી મોટાં હોય છે. પ્રેમીઓની અમરકથામાં સારસ બેલડી વિખ્યાત છે, એકનું મૃત્યુ થાય તો જોડીદાર તુર્ત આઘાતથી અવસાન પામે છે. ગીધ - ને ત્યાં ઈશાવાસ્ય ઉપનિષદના પ્રથમ શ્લોકમાં સ્થાન પ્રાપ્ત થયું છે તો ક્રૌંચ પક્ષીનો વધ જોઈ વાલ્મિકી ઋષિ દુઃખ પામ્યા પછી જે ઉદ્ગાર નીકળ્યા તે વિશ્વના સૌ પ્રથમ મહાકાવ્ય રામાયણનો સૌ પ્રથમ શ્લોક બન્યો.

કાળિયો કોશી એટલે પક્ષી જગતનો જમાદાર... ચોકીદાર. ગરુડની વેધકદષ્ટિને વેગનાં વખાણ કરવા શબ્દો ઓછા પડે. સમડીની ઝડપ ઝોયા પછી જોયા પછી ચીલઝડપ શબ્દનો સાચો અર્થ સમજાય. કાબરોનો કલબલાટ શેરબજાર જેવો લાગે. બિલાડીની ગંધ કાબરને સૌ પહેલી આવે. બિલાડી જોઈ નથી કે સાઈરન વાગી નથી! બુલબુલની બોલીની મીઠાશ એટલી બધી કે સાંભળ્યા જ કરો, એ તો લતાજીને બુલબુલની ઉપમા અપાઈ છે એટલે આપોઆપ સમજાઈ જાય.

પેલો દરજીડો કમાલ કરે છે ! પાંદડાં દોરાથી સાંધી માળો બનાવે. એક પગ ઉપર ઊભા રહી શિકાર કરતો બગલો કોઈને જોયો ન હોય તો જ નવાઈ ! બગલાની સફેદી આગળ બધી સફેદી પાણી ભરે. સફેદી તો બગલાની પાંછો જેવી ! હંસનો નીરક્ષીર વિવેક માણસને આવડી જાય તો પછી બેડા પાર. બતકને જોયા પછી માણસ તરતાં શીખી ગયો. ચીબરી તો ચોરને બહુ વહાલી...એના શુકન લઈ ચોર ચોરી કરવા જાય.

અનુસંધાન પાના નં. ૫ પર

ગુજરાતને જોઈએ છે 'એક નવી પ્રામાણિક સરકાર'

મોરપીંછના રંગ
ડો. કનૈયાલાલ ભટ્ટ

આ વખતે ગુજરાતની ચૂંટણી ચાર પક્ષ વચ્ચે થઇ રહી છે. જો કે કેટલાક લોકો છેલ્લા બે પક્ષોને અડધા અડધા ગણે છે. કોઇ તો વળી એવા આક્ષેપો પણ કરે છે કે મોદી સાહેબે બાપુ સાહેબને જનધનયોજનાનો મોટો લાભ આપીને નવો પક્ષ બનાવડાવીને કોંગ્રેસીઓના મત બગાડવા જ ઊભા રાખ્યા છે. તો વળી ઘણા આ વિકલ્પને કલ્પન જ માને છે. કારણ અગાઉની કેટલીક પક્ષાપક્ષી લોકોને સ્વીકૃત નથી. આમ છતાંય લાખો રૂપિયાના ખર્ચે અખબારોમાં અપાતા ખુલાસા લોકો વાંચી લે છે પણ સ્વીકારવાના નથી.

હવે રહ્યા મુખ્ય બે પક્ષો. કોંગ્રેસ અને ભાજપા. આપણા ગુજરાતની પ્રજા અને આમ તો આખા દેશની કે વિશ્વની પ્રજા અમુક સમયે હંમેશાં પરિવર્તન ઇચ્છે છે. પરંતુ આજ સુધી કોઇ પક્ષે કે સરકારે પ્રજા આ પરિવર્તન કેમ ઇચ્છે છે તેનું સંશોધન કે સર્વે કર્યું નથી. કોંગ્રેસના ૫૦ વર્ષના શાસનથી પ્રજા ત્રસ્ત થઇ ગયેલી. ભ્રષ્ટાચાર અને કૌભાંડોથી ત્રાહીમામ પોકારી ગયેલી પરંતુ પ્રજા પાસે કોઇ વિકલ્પ નહોતો અને એમાં ૨૦૧૪માં પ્રજાને શ્રી નરેન્દ્ર મોદીમાં એક વિકલ્પ દેખાયો અને ખૂલ્લી બહુમતિથી તેમને દિલ્હીની રાજગાદી ઉપર બેસાડી દીધા તે અગાઉની ચૂંટણીમાં શ્રી અડવાણીજીના નેતૃત્વમાં લડતી ભાજપાના '' એક મજબૂત સરકાર '' ના સૂત્રને પ્રજાએ ઢીલો સાબિત કરી દીધેલો. પરંતુ મોદીજીની આગેવાનીમાં ભાવિના અનેક સ્વપ્નો, યોજનાઓ અને કલ્પનો દ્વારા ૧૨૫ કરોડની જનતા પર મોહમયી જાદુ પાથરી પરિવર્તનનું વાવાઝોડું ફૂંકીને એક માહોલ બનાવી સફળતા મેળવી. જેને હવે ત્રણ વર્ષ વિતી પણ ગયા છે અને પ્રજા સામે કેટલાક સત્યો ખૂલવા પણ લાગ્યા છે.

ખૈર આપણે ગુજરાત ઉપર આવીએ. ગુજરાતમાં મોદીજીનો જાદુ છેલ્લા વીસ વર્ષથી અકબંધ છે. અને હજીયે એવો અકબંધ હોત જો તેઓ અહીંયા હોત તો. કેમ કે આપણી ગુજ્જુ પ્રજા વાસ્તવિકતાથી ખુબ દુઃખી છે. તેથી તેને કલ્પના ખુબ ગમે છે. સ્વપ્નો જોવા ખુબ ગમે છે. કોઇ બતાવે તો પણ ગમે છે. અને એટલે તો આપના દેશની પ્રજા ''બાહુબલી'' જેવી કાલ્પનિક ફિલ્મને ૧૫૦૦ કરોડની કમાણી કરાવી આપે છે. અને વાસ્તવલક્ષી ફિલ્મો બિચારી પોતાનો પ્રોડક્શન ખર્ચ પણ માંડમાંડ કાઢી શકે છે. બસ આજ થિયરી ઉપર દુનિયાના મોટા મોટા રાજનીતિજ્ઞો પ્રજા સાથે ખેલતા રહ્યા છે. પક્ષ અને પ્રજાને મોહિત, આકર્ષિત કરતા રહ્યા છે. મેં ક્યાંક વાચેલું છે કે હિટલર એવું કહેતો કે '' પ્રજા જ્યારે ખુબ દુઃખી કે પીડિત હોય ત્યારે એનું દુઃખ દૂર ના કરો તો ચાલશે પણ એ દુઃખ દૂર થશે એવા સ્વપ્નો બતાવતા આવડે તો તમારો વિજય નિશ્ચિત છે. આ થીયરીને ઘણા લોકો આપણી રાજનીતિ સાથે જોડીને જોઇ રહ્યા છે.

આમ જોઇએ તો પ્રજા એ લોકશાહીનો પ્રાણ છે. જીવ છે. અને જો દરેક જીવમાં ઈશ્વર છે એવું માનીએ તો પ્રજાને ઈશ્વર બનાવી દો પ્રજા ભલે દુઃખી હોય પણ એને ઈશ્વરતૂલ્ય ગણીને એની ભક્તિ પૂજા શરું કરી દો, એ જ દુઃખી પ્રજા હો...હો...હા હા... કરતી તમને બહુમતિ આપી દેશે. માત્ર ગુજરાતની જ નહીં વિશ્વભરની પ્રજાનો આ એક સ્વભાવ રહ્યો છે. જ્યાં જ્યા વર્ષોની પરંપરાના — પરિવર્તનો થયા છે તે આ જ થીયરી ઉપર થયા છે. જો કે એક એ પણ સત્ય છે કે આ થીયરી માત્ર એક કે વધુમાં વધુ બે વાર કામ આવે છે. પછી તો કોઇપણ પક્ષ કે વ્યક્તિનું ''કામ'' જ બોલે છે. અને જો એ પાંચ દસ વર્ષમાં પ્રજાના કામ નથી થયા તો અથવા તો ચૂંટણી સમયે થયા છે તો પ્રજા ફરી પાછી પરંપરા અને નવા વિકલ્પ તરફ વળે છે. - બસ આ સિસ્ટમ હાલ ગુજરાતમાં ગોઠવાઇ રહી હોય એવું લાગે છે. ગુજરાતની પ્રજાએ ૫૦ વર્ષની પરંપરા પણ જોઇ છે અને આ છેલ્લા ૨૨ વર્ષની પરંપરા પણ જોઇ લીધી છે. એક વખત આવેલું પરિવર્તન જ્યા સુધી પરિવર્તનના રૂપમાં રહે ત્યા સુધી વાંધો નથી આવતો. પ્રજા એને ચાહતી રહે છે પરંતુ એ જ્યારે ધીમેધીમે પરંપરા બનવા લાગે છે ત્યારે પ્રજા જાગી જાય છે. અને ફરી નવું પરિવર્તન જોવા ઇચ્છે છે. આજે ગુજરાતમાં ઠેર ઠેર લોકોની ચર્ચા મેં સાંભળી છે કે પ્રજા ફરીથી પરિવર્તનના મૂડમાં છે. શા માટે છે એના કારણો આપણે સૌ જાણીએ છીએ નથી જાણતા કે સ્વીકારતા તો એના વાહકો, સંવાહકો. બેકારી, મોંઘવારી, ભ્રષ્ટાચાર, શોષણ જેવા દાનવોએ મચાવેલા આતંકથી પ્રજા ત્રાહીમામ છે. સિંહને કોણ કહે કે તારું મોં ગંધાય છે. આપણા નેતાઓ કે પક્ષો સ્વયમ તો અરીસો જોતા જ નથી. અને કેટલાક પરમ ભક્તરૂપી કાર્યકરો તો અંધશ્રદ્ધાપૂર્વક પોતાના આરાધ્ય નેતાની ભક્તિમાં લાગ્યા હોય છે. કેમ કે ભાજપા હોય કે કોંગ્રેસ — બન્ને પક્ષના મોટાભાગના કાર્યકરો પોતાના પક્ષની પ્રજામાં ઈમેજ કેવી છે અને આ વખતે પરિણામ શું આવવાનું છે એ પણ જાણે છે. પણ ઉપર કહેવાની કોઇ હિમ્મત કરતું નથી. ખાસ કરીને ભાજપામાં. પ્રજાની સ્થિતિ મનગમતા મૂરતિયા સાથે લગ્ન થયા પછી પસ્તાવો કરતી કન્યા જેવી છે. નથી ડિવોર્સ લેવાતા કે નથી નિભાવી શકાતા. પણ જો બીજો સારો મૂરતિયો મળે તો પ્રજા ડિવોર્સના મૂડમાં આ વખતે છે.

કોંગ્રેસનો સૌથી મોટો પ્રોબ્લેમ એનો ભવ્ય ભૂતકાળ છે. એણે પ્રજાને સ્વપ્ન બતાવવાનું શરું કરી દીધુ છે કે અમે આવીશું તો આમ કરીશું ને તેમ કરીશું. પણ પ્રજા દૂધનો દાઝેલો છાસ પણ ફૂંકીને પીએ તેમ આ વખતે કરશે. તેથી કોંગ્રેસે આ વખતે તેઓએ અગાઉ શું શું કર્યું તેમ કહેવા કરતા હવે કોઇ નવો રસ્તો અપનાવવાની જરૂર છે. હવે પ્રજા 'એક નવી પ્રામાણિક સરકાર' ઇચ્છે છે એક વખત પરિવર્તન કરીને પારદર્શકતા જોઇ લીધી. આ પારદર્શકતા એટલી બધી પારદર્શક હતી કે સામે પાર કશું દેખાયું જ નહીં. તેથી હવે પ્રજા 'એક પ્રામાણિક સરકાર — નિષ્ઠાવાન સરકાર' ઇચ્છે છે. કે જેના મુખ્યમંત્રી પણ મિઝોરમના મુખ્યમંત્રીની જેમ એકલા કોઇપણ પ્રોટોકોલ વિના મૉલમાં શૉપિંગ માટે જઇ શકે જે સરકારના મંત્રીઓ સાવ સામાન્ય માણસની જેમ બધા વચ્ચે રહે, સાવ છેવાડાનો માણસ કોઇપણ મન્ત્રીશ્રીને સરળતાથી મળી શકે. અને મંત્રીઓ ખુદ પ્રજા વચ્ચે રહે. જો કે આવી બધી વાતો હવે ચૂંટણી આવી એટલે બધા જ કરશે પણ જીત્યા પછી કોઇ કશુંય કરશે નહીં આજે પ્રજાના સાવ નાના જ્ઞાના કામ પણ થતા નથી. ઓફિસરો સાંભળતા નથી. મંત્રીશ્રીઓ સુધી પહોંચી શકાતું નથી. અને કેમે કરીને પહોંચે છે તો અરજી આપવાની વાત કરીને પાછા મોકલી દેવાય છે અને પછી કોઇ પરિણામ આવતું નથી. પ્રજાના પ્રશ્નથી ઉકેલ સુધી પહોંચવા માટે વચ્ચેની જે કડીઓ ગોઠવાયેલી છે એ વધુ પાવરમાં હોય છે. ઘણી વખત એક મંત્રીશ્રી કે સરકારને ખ્યાલ જ નથી હોતો કે પોતે ગોઠવેલી સિસ્ટમના પ્યાદાઓ પોતાને વજીર માનીને પ્રજા સાથે કેવું વર્તન કરે છે. ઘણી વખત મંત્રીશ્રી કે સરકાર સારા હોય પણ એમના દ્વારા ગોઠવાયેલી સિસ્ટમ જો ખરાબ હોય તો આખી સરકારનું પતન કરે છે. હવે જો કોંગ્રેસ આ વાત સમજશે અને અમલમાં મૂકશે તો પરિવર્તન આવી શકે છે. કેમ કે આજે ફરી એક વખત પ્રજા ૨૨ વર્ષે પરિવર્તનના દ્વાર પર ઊભી છે. એક તરફ ૨૨ વર્ષની પરંપરા છે. અનુભવો છે. અને બીજી તરફ હજી સુધી 'વચનો' જ છે. વિશ્વાસ નથી. 'પ્રામાણિક સરકાર'નો વિશ્વાસ ઊભો કર્યો

અનુસંધાન પાના નં. ૫ પર

ઈન્ડીયન ક્રિકેટ ફેન્સ વિલ મિસ યુ નેહરાજી...!

રઝળપાટ
અજય ઉપાધ્યાય



પત્રકાર : 'શું પસંદગીકારોએ તમને કહેલું કે આ તમારી છેલ્લી આંતરરાષ્ટ્રીય મેચ છે ?' જવાબ : ના તો મેં પસંદગીકારોને પૂછીને રમવાનું શરુ કરેલું, ના તો મેં પસંદગીકારોને પૂછીને સન્યાસ લીધો છે...!' આફ્ટર મેચ પ્રેઝન્ટેશનમા સંજય માંજરેકર : ' આશા રાખું છું કે રીટાયરમેન્ટ પછીની જીંદગીમાં પણ આપ ખુશ રહેશો' જવાબ : 'હું હમેશા ખુશ જ રહું છું, ચાહે રીટાયરમેન્ટ પછી હોય કે પહેલા હોય..!' પત્રકાર : 'એક વખતે તમારા હાથે વિરાટ કોહલીએ ટ્રોફી સ્વીકારેલી એ તસ્વીર વાયરલ થઈ છે, આજે એ જ વિરાટ તમારો કપ્તાન છે, કેવું લાગે છે ?' જવાબ : એ તસ્વીરમાં વિરાટ હતો એટલે આટલી વાયરલ થઈ, ચહલ કે બીજું કોઈ હોત તો આટલી ચર્ચા ના થઈ હોત '...છે ને એકથી એક ચડિયાતા જ જવાબો અને આવા સીધા દિલમાંથી નીકળતા જવાબો આપનાર બીજું કોઈ નહિ પણ નહેરાજી છે...જી હા, ભારતીય ક્રિકેટમાં સદા યાદ રહેશે એવો ડાબોડી ફાસ્ટ બોલર આશિષ નહેરા..!

ક્રિકેટની રમત આજકાલ વધુ ને વધુ ફિટનેસ ઓરીએન્ટેડ થતી જાય છે એવામાં ૧૯-૧૯ વર્ષો સુધી ટકી રહેવું કોઈ પણ ખેલાડી માટે દુષ્કર બની જાય છે અને એમાં પણ જો એ ખેલાડી ફાસ્ટ બોલર હોય તો ટકી રહેવું અત્યંત મુશ્કેલ. પણ આશિષ નેહરા જેનું નામ... ફીનીક્ષ પક્ષીની જેમ નેહરાજી જથ્થાબંધ ઈજાઓ અને ઓલમોસ્ટ ૧૩ જેટલા ઓપરેશનો કરાવ્યા છતાં પણ આ બધી જ ઈજાઓ અને ચડતી પડતીમાંથી ઉભા થઈને વારંવાર કમબેક કરતા રહ્યા. દર વખતે એમ થાય કે બસ હવે નેહરા ફીનીશ્ડ પણ ટૂંક જ સમયમાં નેહરા ફરીથી પોતાના પ્રદર્શનના જોરે ટીમમાં જગ્યા બનાવવામાં સફળ નીવડે અને ટીમમાં જગ્યા બનાવ્યા પછી પણ એનો શાનદાર દેખાવ તો ચાલુ જ રહે. એટલી બધી વાર નેહરાએ ટીમમાં કે પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં કમબેક કર્યું છે કે સાચા અર્થમાં આશિષ નેહરાને 'કમબેક કિંગ' કહી શકાય.

બુધવાર ૧ નવેમ્બરે એ જ ફિરોઝશાહ કોટલા પર અને કોમેન્ટ્રી બોક્ષમાં બેઠેલા એ જ લક્ષ્મણ, સેહવાગ જેવા પોતાના જુના સાથીઓની હાજરીમાં ન્યુઝીલેન્ડ સામે પોતાની છેલ્લી ટી૨૦ મેચ રમીને નેહરાએ આંતરરાષ્ટ્રીય ક્રિકેટને અલવિદા કહ્યું. સચિન તેંડુલકર પછી નેહરા એકમાત્ર એવો ભારતીય ખેલાડી છે કે જેને પોતાના હોમ ગ્રાઉન્ડ પર આવું ભવ્ય વિદાયમાન મળ્યું હોય અને જાણે કે ટીમ ઈન્ડિયા વિરાટની આગેવાની નીચે નેહરાને ગ્રાંડ બાય બાય કરવાના મુડમાં હોય એમ કિવીઝને હરાવીને નેહરા માટે એની છેલ્લી મેચ યાદગાર બનાવી દીધી. મેચ પૂરી થયા પછી નેહરા અને ટીમ ઈન્ડિયાએ લીધેલી વિકટરી લેપ અને એ વખતે દર્શકોનો મળેલો જોરદાર પ્રતિભાવ ખરેખર કોઈ પણ ક્રિકેટપ્રેમી માટે યાદગાર અને ભાવવાહી પળો હતી.

૧૯૯૯મા અઝહરુદીનની કપ્તાનીમાં શ્રીલંકામાં ડેબ્યુ કર્યાના તરત જ આશિષ ઈજાગ્રસ્ત થઈ ગયો અને ટીમથી બહાર પણ...પરંતુ ૨૦૦૧મા ઝીમ્બાબ્વે પ્રવાસથી એણે કમબેક કર્યું એટલું જ નહિ પણ જવાગલ શ્રીનાથ અને ઝહીરખાન સાથે મળીને આ ત્રિપુટીએ ક્રિકેટવિશ્વમાં ફાસ્ટ બોલીંગનો તરખાટ મચાવી દીધો. ૨૦૦૩ના વિશ્વકપમાં નેહરા ફૂલ ફોર્મમાં હતો. ૨૩ વર્ષના નેહરાએ ઈંગ્લેન્ડ સામેની મેચમાં લીધેલી ૨૩ રનમાં ૬ વિકેટ કોણ ભૂલી શકે ? એ જ વર્લ્ડકપમાં નેહરાએ ઓલમોસ્ટ ૧૯ ની એવરેજથી ૧૫ વિકેટો ઝડપીને ભારતને વર્લ્ડકપ ફાઈનલ સુધી પહોચવામાં મદદ કરેલી. પણ અગેન નેહરાજી ચોટીલ અને ટીમની બહાર...!! વનડે અને ટેસ્ટ બંનેમાં સતત રમવાને કારણે વારંવાર થતી ઈજાને લીધે નેહરાની ટેસ્ટ કેરિયર વહેલી સમેટાઈ ગઈ ૨૦૦૪મા નેહરાએ છેલ્લો ટેસ્ટ રમ્યો.

...પણ નેહરા જેનું નામ. ટીમમાંથી બહાર રહેલા નેહરાએ આઈપીએલની બીજી સિઝનમાં ધમાકેદાર પ્રદર્શન કર્યું અને એની બદોલત ૨૦૦૯મા વેસ્ટઈન્ડીઝ ટુર માટે વનડે ટીમમાં સ્થાન મેળવ્યું ત્યારે એનો કપ્તાન હતો એમ.એસ.ધોની. વન મોર કમબેક...!!! ૨૦૦૯ નેહરા માટે ભરપુર રહ્યું ૨૧ વનડેમા ૩૧ વિકેટો લીધી તો ૨૦૧૦મા ૨૦ મેચોમાં ૨૮ વિકેટો ચટકાવીને પોતાનું કમબેક યથાર્થ ઠેરવ્યું એટલું જ નહિ પણ ૨૦૧૧ના વર્લ્ડકપની ટીમમાં જગ્યા પણ મેળવી અને એ વર્લ્ડકપની પાકિસ્તાન સામેની સેમીફાઈનલ કોણ ભૂલી શકે કે જેમાં નેહરાએ ૧૦ ઓવરમાં ૩૩ રન આપીને બે પાકિસ્તાની વિકેટ ખેરવીને ભારત માટે ફાઈનલમાં સ્થાન નિશ્ચિત કરેલું. પણ અગેન બેડલક નેહરાજી....ઈજાને લીધે નેહરાએ વર્લ્ડકપ ફાઈનલ ગુમાવ્યો એટલું જ નહિ પણ પછી ટીમમાંથી બહાર અને એ પણ પુરા પાંચ વર્ષો સુધી. જો કે ટીમમાં જગ્યા ના મળતા આશીશે ટી૨૦ રમવાનું ચાલુ રાખ્યું, વધતી ઉમર છતાં પણ નેહરા આઈપિએલ મા પોતાનો જલવો બતાવતા રહ્યા અંતે સિલેક્ટરો એ એમને ઓસ્ટ્રેલીયા ટુર અને પછીથી એશિયા કપ અને ૨૦૧૬ ટી૨૦ વર્લ્ડકપ માટે સિલેક્ટ કર્યા..વન મોર કમબેક..!!

અગણિત ઈજાઓ અને ૧૩ જેટલા ઓપરેશનો છતાં પણ ફરીથી મેદાન પર ઉતરવું અને સુપર્બ પરફોર્મન્સ આપવું એ કોઈ પણ નવોદિત ક્રિકેટર માટે મિસાલ બની રહેશે. નેહરા બોલની ઝડપ, લાઈનલેન્થમા બદલાવ માટે અને ખાસ તો ઓફ સાઈડથી બહાર જતો બોલ અને લેટ ઈનસ્વીન્ગર માટે હમેશા યાદ રહેશે. પોતાની બોલીંગમાં કેચ છોડતા ધોનીને ગાલ આપતા વિવાદિત વિડીયો સિવાય નેહરા હમેશા સરળ અને સીધો ક્રિકેટર રહ્યો છે. ઈવન આઈફોન પણ વાપરતા નથી આવડતું કે સોશિયલ મીડિયા એટલે શું એનાથી અજાણ આ સરળ ક્રિકેટર નિવૃત્તિ પછી હવે પોતાના અન્ય શોખ ફૂટબોલ રમી શકશે અને મૂળ ગુજરાતી પત્ની અને બાળકો સાથે આનંદથી જિંદગી વિતાવી શકશે એની નેહરાને ખુશી છે...! ઈન્ડીયન ક્રિકેટ ફેન્સ વિલ મિસ યુ નેહરાજી...!

વિસામો :

૨૦૦૨ની લોર્ડ્ઝ ટેસ્ટમાં છેલ્લી વિકેટની ૬૦ રનની અજીત અગરકર સાથેની ભાગીદારીમાં નેહરાએ ૫૪ બોલમાં ૨ ચોક્કા અને એક છક્કા સાથે ૧૯ રન બનાવેલા એમાંની એણે ફ્લીનટોફના બોલમાં ફટકારેલી સિક્સર લોર્ડઝના મેદાન બહાર પડેલી. લોર્ડસના ઈતિહાસમાં આવું બે જ લોકો કરી શક્યા છે, એક તો મહાન વિવિયન રિચર્ડ્સ અને બીજા આપણા 'નેહરાજી'...!